મહત્તમ : ૩૦.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૯૭ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં પહેલા વરસાદને વધાવતા યુવાનો

મૌસમના પહેલા વરસાદને વધાવવા યુવાનો સ્વર્ણિમ પાર્ક, સરિતા ઉદ્યાન તથા શાહપુર બ્રીજ જેવા સ્થળોએ પહોંચ્યા : વરસાદમાં મસ્તીની 'સેલ્ફી' અપલોડ કરવાની હોડ જામી

ગાંધીનગર, તા.૨૫

અંતે વરસાદ આવ્યો અને શહેરનું યૌવન જરીક જેટલા વરસાદમાં પણ હિલોળે ચઢયું... ચોમાસાના પ્રથમ વરસાદને વધાવવા શહેરનો યુવા વર્ગ સ્વર્ણિમ પાર્ક, સરિતા ઉદ્યાન અને શાહપુર બ્રીજ જેવા સ્થળે દોડી ગયો હતો અને 'સેલ્ફી'ઓ ખેંચી સોશ્યલ મિડીયા પર સૌથી પહેલા અપલોડ કરવાની જાણે હોડ લગાવી હતી. અનેક નાગરિકોએ પોતાના ઘરના કે ફલેટના ધાબે ચઢીને પહેલા વરસાદને માણ્યો હતો.

સવારથી શહેરના આકાશમાં વાદળો જણાયા હતા તેથી વરસાદના આગમનની આશા બંધાઈ હતી. બપોરના સુમારે વરસાદનો પ્રારંભ થતા જ

મૌસમના પહેલા વરસાદને વધાવવા નાગરિકો પોતાના ઘર અને ઓફિસની બહાર આવી ગયા હતા. ખાસ કરીને યુવાનો તો વરસાદમાં પલળવા ટુવ્હીલર લઈને શહેરમાં સ્વર્ણિમ પાર્ક, સરિતા ઉદ્યાન, પુનિતવન કે સેકટર-૧ના તળાવ જેને જયાં નજીક પડતું હતું ત્યાં પહોંચી ગયા હતા. કેટલાક ઉત્સાહીઓ તો શાહપુર બ્રીજ સુધી પણ પહોંચી ગયા હતા અને વરસાદમાં પલળવાનો આનંદ માણ્યો હતો. જો કે વરસાદ અપેક્ષા મુજબ ના વરસતા આ યુવાનોમાં થોડી નિરાશા જોવા મળી હતી. આમ છતાં યુવાનોએ સોશ્યિલ મિડિયા પર વરસાદમાં મસ્તીના પિકચર્સ અપલોડ કરી 'હેપ્પી મોનસુન'ના સંદેશા પાઠવ્યા હતા.

સૌથી વધુ શે'ર થયેલો મેસેજ

મૌસમના પહેલા વરસાદ સાથે જ સોશિયલ મિડીયા પર અવનવા મેસેજ ફરતા થઈ ગયા હતા જેમા સૌથી વધુ શે'ર થયેલો મેસેજ આ હતો. 'આજે બધા જ અત્તરના ભાવ ઉતરી ગયા જયારે વરસાદની પહેલી બુંદોએ માટીને ચુમી લીધી.'

વરસાદી મૌસમનો પ્રારંભ થઈ જતા વાતાવરણમાં અનોખી ઠંડક પ્રસરી જવા પામી હતી અને ભીની માટીની ખુશ્બુથી સમગ્ર

વાતાવરણ મહેંકી ઉઠયું હતું. વાતાવરણમાં ઠંડક પ્રસરતા પહેલા વરસાદમાં પલળવા નીકળેલા યુવા વર્ગે ચાની કિટલીઓ તથા નાસ્તાની લારીઓ પર પણ ભીડ જમાવી હતી. સ્વર્ણિમ પાર્ક ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાઓ કે અન્ય પરીક્ષાઓની તૈયારીઓ માટે વાંચન ક્રિયા કરતા યુવાનોએ આજે વરસાદના પગલે બપોરથી વાંચનમાં રજા પાડી દીધી હતી અને ગ્રૂપમાં પાર્કમાં વરસાદની મોજ માણી હતી અને મસ્તી કરતી તસવીરો એકબીજાના મોબાઈલમાં ખેંચી હતી. થોડીવારમાં વરસાદ અટકી જતા સ્વર્ણિમ પાર્કની આસપાસના વિસ્તારોમાં નાસ્તાની લારીઓ તથા ચાની લારીઓવાળાને તડાકો પડી જવા પામ્યો હતો. એક સમય હતો જયારે મૌસમના પહેલા વરસાદને નાગરિકો લાપશી-શીરો કે કંસાર રાંધીને વધાવતા હતા પરંતુ લાગે છે કે હવે ટ્રેન્ડ બદલાઈ ચુકયો છે.

ગાંધીનગરમાં આંજણા ચૌધરી સમાજનું મહાસંમેલન

સોશિયલ મીડીયામાં નકારાત્મક પોસ્ટ મુકવાથી સમાજની એકતા અને સંગઠન શકિતને મોટું નુકશાન થાય છે : શંકરભાઇ ચૌધરી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં સમગ્ર ગુજરાતના આંજણા ચૌધરી સમાજના મહાસંમેલનમાં સ્વયંભૂ ઉમટી પડેલી વિશાળ જનમેદનીને સંબોધતા પૂર્વ મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં ચૌધરી સમાજની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ વડીલોએ સખત મહેનત અને પુરૂષાર્થથી ઉભી કરી છે. સોશીયલ મીડીયામાં મૂઠ્ઠીભર વ્યકિતઓ પોતાના વ્યકિતગત અને રાજકીય સ્વાર્થ માટે નકારાત્મક પોસ્ટ મૂકીને સમાજને મોટું નુકશાન કરે છે. ચૌધરી સમાજમાં શિક્ષણ અને વિકાસની ભૂખી જાગી છે. ત્યારે સમાજને વિવાદો જરાય પોસાય તેમ નથી. સમાજના વિકાસ માટે રચનાત્મક કાર્યો કરવા જોઈએ. સમગ્ર ચૌધરી સમાજ અગ્રણી શ્રી હરિભાઈ ચૌધરીને સારી રીતે ઓળખે છે. સ્વ શેઠ શ્રી જીવણકાકાના કાર્યોને આગળ ધપાવવાનું કામ શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ શ્રી હરિભાઈ વી. ચૌધરી કરી રહ્યાં છે. ગાંધીનગર અને માણસા ચૌધરી સંકુલના શિક્ષણ યજ્ઞના સેવા કાર્યમાં અને સમાજના વિકાસના હિતમાં શેઠશ્રી હરિભાઈ ચૌધરીએ પ્રમુખ પદેથી આપેલ રાજીનામુ પરત ખેંચી ચાલુ રહેવું જોઈએ તેવી જાહેર મંચ પરથી દરેક વક્તાઓએ અપીલ કરી હતી.

ગાંધીનગર ચૌધરી સમાજના પ્રમુખ શ્રી કનુભાઈ ડી. ચૌધરીએ જણાવ્યું હતું કે, ચૌધરી સમાજને તોડવાની હિન કક્ષાની પ્રવૃત્તિઓ અને અપપ્રચાર કોઈ પણ સંજોગોમાં ચલાવી નહિ લેવાય. સોશીયલ મીડીયાના માધ્યમથી પોતાના વ્યકિતગત સ્વાર્થ ખાતર સમાજની સંગઠન શકિતને તોડનારા અને ભાગલાવાદી પ્રવૃત્તિ કરનાર વ્યકિતઓની મેલી મુરાદ સમજૂ અને શિક્ષિત ચૌધરી સમાજ ઓળખી ગયો છે. ગુજરાતનો સમગ્ર ચૌધરી સમાજ અગ્રણી શ્રી હરિભાઈ ચૌધરીની પડખે છે. ગાંધીનગર ચૌધરી સમાજના પ્રમુખ શ્રી કનુભાઈ ચૌધરીએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર ખાતે સમાજના ભાઈઓ માટે રહેવાની સુવિધા માટે અર્બુદા અતિથિ ગૃહનું નજીકના દિવસોમાં ઉદઘાટન કરાશે.

સમારંભના પ્રમુખસ્થાનેથી દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજના પ્રમુખ શ્રી મોહનભાઈ પટેલ (ભાટીયા)એ જણાવ્યું હતું કે, ચૌધરી સમાજની સેવા માટે પોતાનું જીવન સમર્પિત કરનાર શેઠ શ્રી હરિભાઈ ચૌધરી અંગે સોશીયલ મીડીયામાં જે ટીકા- ટીપ્પણીઓ કરી છે તે અત્યંત નિદનીય છે. આ મહાસંમેલનમાં પ્રચંડ જન સમર્થન સાથે શ્રી હરિભાઈ ચૌધરી પ્રમુખ તરીકેની સેવાઓ આજીવન અવિરતપણે ચાલુ રાખે તેવા સર્વાનુમતે વિવિધ અગ્રણીઓએ પોતાની લાગણીઓ વ્યકત કરી હતી.

ગાંધીનગર ખાતે યોજાયેલ આંજણા ચૌધરી સમાજના આંજણા ચૌધરી સમાજના આ મહાસંમેલનનું સમગ્ર આયોજન ખર્ચ પ્રમુખ શ્રી કનુભાઈ ડી. ચૌધરી, પામોલ ગામના અગ્રણી બિલ્ડર શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી જીતુભાઈ ઈશ્વરભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર ખાતે આંજણા ચૌધરી સમાજના મહાસંમલેનમાં મહેસાણા, સાબરકાંઠા, પાટણ, બનાસકાંઠા, અરવલ્લી, મહિસાગર અને ગાંધીનગર જિલ્લા ઉપરાંત સુરત અને ભરૂચથી પણ વિશાળ સંખ્યામાં વિવિધ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓ-હોદ્દેદારો અને ભાઈ-બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

સૌહાર્દ ગ્રુપ દ્વારા વિદ્યાર્થીઓને નોટ-બુક વિતરણ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેકટર- ૨, ૩ અને ૭ માં આવેલ સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સૌહાર્દ ગ્રુપના મિત્ર વર્તુળ દ્વારા તાજેતરમાં નોટ-બુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જુન માસથી અભ્યાસના નવા સત્રનો પ્રારંભ થાય છે. જુન માસથી મોટાભાગની શાળા-કોલેજ ખુલી જાય છે. જેને પગલે તમામ વાલીઓ પોતાના બાળકોને ભણાવવા માટે એડમિશનન તૈયારીમાં લાગી જાય છે. એ સાથે બાળકોની બેગ, પેન-પેન્સિલ, પુસ્તકો વગેરેની ખરીદી તો ખરી જ.. આ બધામાં સરકારી શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ખુબ જ ઓછી થઈ રહી છે અને જે બાળકો આવે છે એ પણ મોટેભાગે ગરીબ કે મધ્યમવર્ગના કુટુંબમાંથી આવે છે. એટલે એમને આજની આ મોંઘવારીમાં મોટા ચોપડા ખરીદવા પરવડે એમ હોતા નથી. આવો વિચાર સૌહાર્દ ગ્રુપના સૌ મિત્રોને આવ્યો. બસ પછી એ વિચારને વળગી રહી તેને માટે થતી બધી જ સગવડમાં સૌ મિત્રો લાગી ગયા હતા. આજ રોજ સૌહાર્દ ગ્રુપના મિત્રોએ સરકારી શાળામાં અભ્યાસ કરતા ગરીબ બાળકોને ચોપડા વિતરણ કરી આનંદની લાગણી અનુભવી રહ્યા છે. આ પ્રસંગે નિરજ ગામીત એમની સ્મૃતિને વાગોળતા જણાવ્યું કે આજે અમે મોટાભાગના મિત્રોએ આ જ સરકારી શાળાઓમાં અભ્યાસ કર્યો છે. આજે એ સરકારી શાળાના વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરતા અમે સહુ મિત્રો આનંદ અનુભવી રહ્યા છે. આ ચોપડા વિતરણ કાર્યક્રમને સફળ બનાવવા માટે નિરજ ગામીત, પ્રશાંત અડાલજા, જીગ્નેશ જાદવ, કશ્યપ, ચંદન, દિશાંત ગર્ગ, પાર્થિવ સહિતના મિત્રોએ સાથ અને સહકાર આપ્યો હતો.

રાજપુત મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા મહિલા સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૨૫

શનિવાર તા. ૨૩મી જુન ૨૦૧૮ના રોજ સેકટર-૩૦ ખાતે રાજપુત યુવા વિકાસ પરિષદ અને રાજપુત મહિલા સંગઠનના સંયુકત ઉપકમે સમાજના વિધવા બહેનોને સ્વનિર્ભર થવા અને યુવાઓને વ્યસન મુકત કરવાના સહિયારા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જેમાં જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ રાજનસિંહજી ચાવડા દ્વારા મહિલા સંગઠનને સમાજની વિધવા બહેનોની સહાય માટ રૂપિયા બે લાખ, પૂર્વ પ્રમુખ વિક્રમસિંહજી ગોલ દ્વારા રૂપિયા ૫૧,૦૦૦ દાન રૂપે આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમાજના સરપંચશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પ.પૂ. આનંદમૂર્તિ સ્વામી (સાણંદ), જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ રાજનસિંહજી ચાવડા, ડૉ. શંકરસિંહજી રાણા, ધારાસભ્ય સી.જે. ચાવડા, સિધ્ધરાજસિંહજી ભાટી (આઈપીએસ), કરણસિંહજી ચાવડા, પ્રદ્યુમનસિંહજી વાઘેલા, ડૉ. અરવિંદસિંહજી વાઘેલા સે-૬, હર્ષાબા ધાંધલ (કોર્પોરેટર), રમીલાબા વાઘેલા (કોર્પોરેટર) અને મોટી સંખ્યામાં યુવાનો અને મહાનુભાવો હાજર રહ્યા હતા. રાજપૂત યુવા વિકાસ પરિષદના પ્રમુખ રણવીરસિંહજી રાઠોડ અને મહિલા પ્રમુખ સરોજબા રહેવરે આ પ્રસંગે તમામનો આભાર વ્યકત કર્યો હતો.

ગુજરાત સરકારના શાળા સલામતી સપ્તાહ અંતર્ગત આજે શહેરના સેકટર-૭ની સરદાર વલ્લભભાઈ પટેલ શાળામાં ફાયર અને ડિઝાસ્ટર અંગેની તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું ઉદઘાટન મહાનગર પાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને આ અંગેની તમામ માહિતી બાળકોને ફાયર ઓફિસર મહેશ મોડે આપી હતી.

આદીવાડામાં દારૂના જથ્થા સાથે બુટલેગરની ધરપકડ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના આદીવાડા ગામે રબારીવાસમાં રહેણાંક મકાનમાં ગાંધીનગર કાઈમ બ્રાન્ચે દરોડો પાડી ૫૦ દારૂની બોટલ સાથે બુટલેગરની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કાઈમ બ્રાન્ચના પોલીસ કર્મી આર.એસ. પરમાર તથા અનુપસિંહ ગાંધીનગર શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે આદિવાડા ગામમાં રબારીવાસમાં મોહનભાઈ પ્રતાપભાઈ રબારીના મકાનમાં ભાડાથી રહેતા લખન ડાહ્યાજી ઠાકોર (વતન કુકડીયા ઈડર, સાબરકાંઠા) ઘરમાં દારૂ છુપાવીને વેચતો હતો. પોલીસે બાતમીને આધારે દરોડો પાડી બુટલેગરને ઝડપી પાડયો હતો અને તેની પુછપરછ કરી તપાસ કરતા લોખંડના પલંગની નીચે રાખવામાં આવેલા વિમલના થેલામાંથી રૂ.૧૫ હજારની કિંમતની ડ્રાયજીન બ્લ્યુમુન પ્રિમિયમની ૫૦ બેટલો મળી આવી હતી. એલસીબીએ દારૂ કબજે કરીને દારૂ તથા લખનને સેકટર-૨૧ પોલીસ સ્ટેશને સોંપીને પ્રોહીબીશનની ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર સંજરી પાર્કમાં થયેલી ચોરીમાં ૧૫ હજારની મત્તા ચોરાઈ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર પાસેના પેથાપુર ગામે સંજરી પાર્કમાં રહેતા પ્રો. જાહીદ હુસેન ગુલામરસુલ ચૌહાણ પરિવાર સાથે મોડાસા લગ્ન પ્રસંગમાં ગયા હતા ત્યારે શનિવારની રાત્રે ત્રાટકેલા તસ્કરો દરવાજાનો નકુચો તોડી ચોરી કરી ગયા હતા. પેથાપુર પોલીસને જાણ થતા સ્થળ પર જઈને તપાસ કરી અને પ્રોફેસરને ફોન પર જાણ કરી હતી. જો કે પ્રસંગ અધુરો મુકીને આવી શકાય તેમ ન હોવાથી રવિવારે સાંજ સુધી ફરિયાદ દાખલ થઈ ન હતી. આખરે સાંજે પ્રોફેસરે આવીને ઘરમાં તપાસ કરતા સોનાની અડધા તોલાના વજનની કાનની બુટ્ટીઓ તથા ચાંદીની સેર મળીને કુલ રૂ. ૧૫૫૦૦ની મત્તાની ચોરી થઈ હતી. જે મામલે પેથાપુર પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ઉવારસદના તળાવમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીકના ઉવારસદ ગામે આવેલ ચિલવણીયુ તળાવમાંથી કાળા કલરના કપડા પહેરેલા ૩૫ વર્ષીય યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો.

અડાલજ પોલીસ સ્ટેશનથી મળેલી મહિતી અનુસાર ઉવારસદના ગટરીયા પાણીના ચિલવણીયા તળાવના દક્ષિણ કિનારે દિવ્યાબેન ભગતના ફાર્મ હાઉસની દિવાલ પાસે પાણીમાં યુવાનનો મૃતદેહ દેખાયો હતો. આ અંગેની માહિતી મળતા અડાલજ પોલીસના પીએસઆઈ એસ.એચ. બુલાન સ્ટાફ સાથે દોડી ગયા હતા. મૃતકના જમણા હાથે રેવાજી છગુજી છુંદણાથી લખેલું છે. પોલીસે હાલ અકસ્માતે મોતની નોંધ કરીને આ દિશામાં તપાસ હાથ ધરી છે. પોસ્ટમોર્ટમના પ્રાથમિક રિપોર્ટમાં પાણી પી જવાથી મોત થયાનું સામે આવ્યું છે.

લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા નવા આધુનિક લેબર વોર્ડમાં પાણી ભરાયું

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લાખો રૂપીયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલ આધુનિક અને નમુનારૂપ લેબર વોર્ડ અને નવજાત બાળકોને રાખવામાં આવતા વોર્ડમાં પાણી ફરી વળ્યું હતું. છતમાંથી લીકેજ થયેલું પાણી ભરાઈ જતા દર્દીઓને ભારે પરેશાની વેઠવી પડી હતી. સમગ્ર વોર્ડમાં પાણી ભરાઈ જતા તાત્કાલીક નિકાલની વ્યવસ્થા ગોઠવી હતી. પાણી ભરાઈ જતા સ્ટાફના કર્મચારીઓ પણ હેરાન પરેશાન થઈ ગયા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સગર્ભા બહેનો માટે ખાસ સેન્ટ્રલ એસી લેબર વોર્ડ તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. આ હાઈરીસ્ક સગર્ભા ઉપરાંત મેડીકલની દૃષ્ટિએ સંવેદનશીલ હોય તેવી મહિલાઓ માટે પણ અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. અને સગર્ભા માટેનું એચડીયુ યુનિટ તૈયાર કરાયું છે. ઉપરાંત ચેપી સગર્ભા હોય તો તેમની માટે પણ અલાયદો વોર્ડ ઉભો કરાયો છે. આ ચેપી દર્દીઓ માટે

એસીનો પ્લાન્ટ પણ અલગ કરવામાં આવ્યો છે. જેમાં દર કલાકે ચાર વખત હવા બદલાઈ જાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સમગ્ર દેશની સરકારી હોસ્પિટલમાં સૌ પ્રથમ આ પ્રકારનો વોર્ડ ગાંધીનગર સિવિલમાં જ ઉભો કરાયો છે. ત્યારે લાખો રૂપીયાના ખર્ચે તૈયાર થયેલા આ વોર્ડને નિહાળવા માટે પણ દેશના વિવિધ રાજયના ડોક્ટર્સની ટીમ આવે છે. જયારે કેન્દ્ર સરકારના લક્ષ્ય પ્રોજેકટ હેઠળ પણ ગાંધીનગર સિવિલને પ્રસુતાઓને લગતી ગ્રાન્ટ વધુ મળે તે માટે તાજેતરમાં જ ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. જો કે સિવિલનો આ આધુનિક વોર્ડ અન્ય હોસ્પિટલ માટે પણ પ્રેરણારૂપ છે ત્યારે આ વોર્ડમાં પાણી ફરી વળતા લાખો રૂપીયાનો ખર્ચ તંત્ર દ્વારા કરવામાં આવ્યો હતો તે પાણીમાં ગયો હોય તેવું લાગી રહ્યું છે. અચાનક સમગ્ર વોર્ડમાં પાણી ફરી વળ્યા હતા. પાણી નિકાલ માટે તાત્કાલીક માણસો બોલવવામાં આવ્યા હતા. જયારે બીજી તરફ પાણીને આવતુ રોકવા માટે પણ તંત્ર કામે લાગી ગયું હતું. જયારે વોર્ડમાં વગર વરસાદે પાણી ભરાતા સ્ટાફના કર્મચારીઓ પણ અચંબામાં પડી ગયા હતા અને પાણીનો નિકાલ કેવી રીતે કરવો તેની મથામણ કરી રહ્યા હતા.

સીટી બસમાં કન્સેશન પાસ સુવિધાનો પ્રારંભ

વિદ્યાર્થીઓ માટે ૪૦ ટકા અને મુસાફરો માટે ૨૦ ટકા કન્સેશન : રૂ. ૧૦૦૦માં એક માસ સુધી અમર્યાદિત મુસાફરીની સુવિધા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર અને આજુબાજુના વિસ્તારના રહીશોને યોગી કંપનીની સીટી બસનો શ્રેષ્ઠ પર્યાય પ્રાપ્ત થતા મુસાફરીમાં ખૂબ જ મોટી રાહત થઈ છે. નવી નક્કોર બસો અને અનુભવી તથા ડ્રેસ કોડ સાથેના સ્ટાફ થકી માર્ગો પર દોડતી આ બસોનું હાલમાં આકર્ષણ ઉભું થયું છે ત્યારે સંચાલકોએ કન્સેશન પાસ સુવિધાનો પ્રારંભ કરીને મુસાફરોને ખર્ચમાં મોટી રાહત ઉભી કરી છે. વિદ્યાર્થીઓ અને મુસાફરો કે જેઓને દૈનિક મુસાફરી અનિવાર્ય હતી તેઓને કન્સેશન પાસની સુવિધા મળતા માસિક મુસાફરી ખર્ચમાં મોટી બચત થશે જે કારણે મુસાફરોમાં સંતોષની લાગણી ઉભી થઈ છે.

ગાંધીનગર પથિકાશ્રમ નજીક ડેપોનું આયોજન કરી ગાંધીનગરથી ચિલોડા, ચાંદખેડા, પેથાપુર, કોલવડા, વાવોલ, ઉનાવા, ઈન્દીરાબ્રિજ, સાદરા વગેરે સ્થળોએ જતી આવતી યોગી કંપનીની સીટી બસો મુસાફરોને સમય અને સરળતા પ્રદાન કરી રહી છે. જેમાં યોગી કંપનીના સંચાલકોએ દૈનિક મુસાફરી કરતા વિદ્યાર્થીઓ અને મુસાફરોને અનુક્રમે ૪૦ ટકા તથા ૨૦ ટકા કન્સેશન આપવાની જાહેરાત કરી છે. વળી રૂ. ૧૦૦૦માં એક માસ સુધી અમર્યાદિત મુસાફરીની વિશેષ યોજના મુકીને મુસાફરો વધુમાં વધુ સીટીબસની મુસાફરીનો લાભ લે તેવો આશય રાખવામાં આવ્યો છે.

આ પ્રસંગે કંપનીના સંચાલક વિરેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે દૈનિક મુસાફરોને દૈનિક ખર્ચમાં રાહત મળે તેવા આશયથી કન્સેશન પાસ યોજના શરુ કરી છે. વધુમાં ગાંધીનગર શહેરને સાંકળતા નજીકના તમામ વિસ્તારો તથા શહેરના તમામ સેકટરોને આવરી લઈને ટૂંક સમયમાં રૂટ કાર્યરત કરવાની અમારી કોશિષ ચાલુ છે.

ચિરવિદાય

- સ્વ. મુકતા નરેન્દ્ર ત્રિપાઠી, ઉ.વ. ૮૬
- સ્વ. બળવંતભાઈ લુંબાજી લખવાડા, ઉ.વ. ૬૫
- સ્વ. રાઠોડ ભીખાજી શીવાજી, ઉ.વ. ૭૫